# ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન સંસ્થા, નાગપુર

## કપાસ પુર્વાનુમાન ૨૦૧૯-૨૦ : અઠવાડિક સલાહ/માર્ગદર્શન

### (સમય ગાળો : ૧૧ થી ૧૭ નવેમ્બર, ૨૦૧૯)

| | ખરેખર વરસાદ (મીમી) ભારતીય વેધશાળા વિભાગ | | | | | સુચિત/ પુર્વાનુમાન વરસાદ (મીમી) ભારતીય વેધશાળા વિભાગ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | નવેમ્બર | | | | | નવેમ્બર | | | | |
| તારીખ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ગુજરાત | | | | | | | | | | |
| અમરેલી | | ૦ | | | | ૦ | ૩ | ૧૧ | ૩ | ૦ |
| ભાવનગર | ૨.૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૪ | ૧૦ | ૭ | ૦ |
| રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ | ૪ | ૩ | ૦ |
| ભરૂચ | ૮ | | | | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સાબરકાંઠા | | | | | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| બરોડા | ૪.૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પાટણ | | | | | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહેસાણા | | | | | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**સલાહ/ માર્ગદર્શન**

જુનાગઢ ખાતે કપાસનો પાક ૧૪૮ દિવસનો ફુલ અને જીંડવા ખુલવાની અવસ્થાએ છે. કિટનાશક દવાનો છંટકાવ થયેલ છે. શિયાળુ સીઝનમાં ઉગતા કેટલાક નિંદામણો ખેતરોમાં જોવા મળેલ છે. થ્રીપ્સ, લીલા તડતડીયા અને સફેદ માખીનો ગૌણ ઉપદ્રવ નોંધાયેલ છે. ફેરોમોન ટ્રેપમાં ગુલાબી ઇયળના નર ફુદા ૮ થી ૧૦ પ્રતિ દિવસ મુજબ નોંધાયેલ હોય નિયંત્રણના પગલાની શરૂઆત કરેલ છે. કોરીનોસ્પોરા થી થતા પાનનાં ટપકા અને પાનના બળીયાનો ઉપદ્રવ નોંધાયેલ છે.
સુરત ખાતે કપાસનો પાક ફુલ અને જીંડવા બેસવાની અવસ્થાએ છે. વાતાવરણ સુર્યપ્રકાશ આચ્છાદિત અને આકાશ સ્વચ્છ જોવા મળેલ છે. મોલોમશીનો ઉપદ્રવ આર્થિક ક્ષમય માત્રાથી વધુ નોંધાયેલ છે. બેકટેરીયાથી થતા પાનના બળિયાનો અને અલ્ટરનેરીયા ફુગથી રોગના નિયંત્રણ માટે ભલામણ મુજબ પગલા લેવામાં આવેલ છે.

સલાહ :
ખેતરોમાં ગુલાબી ઇયળની મોજણી માટે ફેરોમોન ટ્રેપ લગાડવા. જો ફેરોમોન ટ્રેપમાં ગુલાબી ઇયળના નર ફુદાની સંખ્યા આર્થિક ક્ષમય માત્રા(સતત ૩ દિવસ સુધી ૮-૧૦ નર ફુદા પ્રતિ ટ્રેપ પ્રતિ દિવસ) વટાવે અથવા ૧૦% લીલા જીંડવામાં ગુલાબી ઇયળનો ઉપદ્રવ અને જીવંત ઇયળની હાજરી જોવામળે તો ફેંવેલેરેટ ૨૦ ઇસી @ ૧૦ મીલી અથવા સાયપરમેથ્રીન ૧૦ ઇસી @ ૧૦ મીલી અથવા લેમડાસાયહેલોથ્રીન ૫ ઇસી @ ૧૦ મીલી પ્રતિ ૧૦ લી. પાણીમાં ભેળવી છંટકાવ કરવો. આર્થિક ક્ષમય માત્રા વટાવે તો ચુસિયા પ્રકારની જીવાતના નિયંત્રણ માટે થાયોમીથોક્ઝામ ૨૫ ડબલ્યુજી ૨ ગ્રામ અથવા ડાયાફેનથ્યુરોન ૫૦ ડબલ્યુ પી @ ૧૨ ગ્રામ અથવા ફ્લોનીકામીડ ૫૦ ડબલ્યુજી @ ૪ ગ્રામ પ્રતિ ૧૦ લી. પાણીમાં ભેળવી છંટકાવ કરવો. છોડના ટોચના ફુગથી થતા રોગોના નિયત્રણ માટે કાર્બેન્ડેઝીમ ૫૦% ડબલ્યુપી @ ૨૦ ગ્રામ અથવા પાયરોક્લોસ્ટ્રોબીન ૨૦ ડબલ્યુજી @ ૧૦ ગ્રામ અથવા મેટીરામ ૫૫% + પાયરોક્લોસ્ટ્રોબીન ૫% ડબલ્યુજી ૨૦ ગ્રામ પ્રતિ ૧૦ લી. પાણીમાં ભેળવી છંટકાવ કરવો. બેકટેરીયાથી થતા બળીયા ટપકાનો રોગના નિયંત્રણ માટે કોપર ઓક્ઝીક્લોરાઇડ ૨૫ ગ્રામ + સ્ટ્રેપ્ટોસાયકલીન ૧ ગ્રામ પ્રમાણે ૧૦ લી પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

| વરસાદ (મીમી) પ્રમાણિત રંગ | <૫ | ૫-૨૦ | ૨૧-૫૦ | ૫૧-૮૦ | >૮૦ |
|---|---|---|---|---|---|

૦.૦ મીમી વરસાદ (વરસાદ નથી).

ખાલી જગ્યા દર્શાવે છે કે આંકડાઓ ઉપલબ્ધ નથી.

સ્ત્રોત : http://imdagrimet.gov.in